અપીલ અરજી નં.૨૭૪ તા.૨૧–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી નટવરલાલ નાનાભાઈ માંડલેવાળા

સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારીઅને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ આઈ.ડી.નં.૮૪૧ શ્રી નટવરલાલ નાનાભાઈ માંડલેવાળાની તા.૨૭–૧૦–૦૯ ની અરજીથી વોર્ડ નં.૯ના નોંધ નં.૨૧૫૭ વાળી મિલ્કત ઉપર જે બાંધકામ કરવામાં આવેલ છે તે બાંધકામ અંગેના પ્લાન મંજુર કરવામાં આવેલ છે કે કેમ? કયા દસ્તાવેજોના આધારે પ્લાન મંજુર કરવામાં આવેલ છે? કયા મકાન માલિકની સહીથી પ્લાન મંજુર કરવામાં આવેલ છે? કયા વર્ષમાં પ્લાન મંજુર કરવામાં આવેલ છે? તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૪–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૭૪/૨૦૦૯–૧૦

શ્રી નટવરલાલ નાનાભાઈ માંડલેવાળાની આઈ ડી નં.૮૪૧ તા.૨૭–૧૦–૦૯ ની અરજીથી વોર્ડ નં.૯ના નોંધ નં.૨૧૫૭ વાળી મિલ્કત ઉપર જે બાંધકામ કરવામાં આવેલ છે તે બાંધકામ અંગેના પ્લાન મંજુર કરવામાં આવેલ છે કે કેમ? કયા દસ્તાવેજોના આધારે પ્લાન મંજુર કરવામાં આવેલ છે? કયા મકાન માલિકની સહીથી પ્લાન મંજુર કરવામાં આવેલ છે? કયા વર્ષમાં પ્લાન મંજુર કરવામાં આવેલ છે? તેની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ.૧૧૦૬ તા.૧૭–૧૧–૦૯ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૩૬ તા.૨૭–૧૧–૦૯થી શહેર વિકાસ અધિકારીઅને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, તથા મળેલ માહિતી બાબતે નારાજગીના આધાર/વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૨૧૫ તા.૮–૧૨–૦૯ ના રોજ અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને પાઠવેલ સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૧૦૬ તા.૧૭–૧૧–૦૯ ના પત્રની નકલ અત્રે પૂરક વિગતોમાં મળેલ છે. જેના અનુસંધાને અરજદાર તરફથી તા.૭–૧૨–૦૯ ના રોજ રજૂઆત કરતો પત્ર તથા મળેલ માહિતીની નકલ, તથા ફી ભર્યાની રસીદ રજૂ કરેલ છે. જયારે મુળ અરજીની નકલ નહીં હોવાનું જણાવેલ છે તથા આધાર અને વાજબીપણું રજૂ કરેલ નથી. જે અંગે અરજદારને પુનઃ નં.આરટીઆઈ સેલ/૧૦૦૬ તા.૧૪–૧૨–૦૯ થી અરજદારને અપીલ અરજી અંગે જે પણ પુરાવા રજૂ કરવાના હોય તે આ તબકકે રજૂ કરવા જણાવવામાં આવેલ જે મળ્યેથી ગુણદોષ આધારિત અપીલનો નિકાલ કરવામાં આવશે તેવો પત્ર પાઠવવામાં આવેલ.

અરજદારની તા.૨૭–૧૦–૦૯ ની અરજીથી ઉપરોકત જણાવેલા વિષય અને સંદર્ભ અન્વયે માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સી.ઝેડ/આરટીઆઈ/આ.નં૧૧૦૬ તા.૧૭–૧૧–૦૯ થી અરજદારને ઉપરોકત મિલ્કતના બાંધકામ અંગેની કોઈ વિગતો ઉપલબ્ધ રેકર્ડ ઉપર જણાતી નથી. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૨૪–૧૧–૦૯ ના રોજ અપીલ અરજી કરી તા.૭–૧૨–૦૯ ના રોજ પૂરક વિગતોમાં મોકલેલ. જેમાં અરજદારે મુળ અરજી નહીં હોવાનું અને સેન્ટ્રલઝોનમાંથી મેળવી લ ેવાનું જણાવેલ છે તથા આધાર અને વાજબીપણું રજૂ કરેલ નથી. ફકત ફી ભર્યાની વિગત તથા જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતીની નકલ રજૂ કરેલ છે. ત્યાર બાદ અરજદારને નં.આરટીઆઈ સેલ/૧૦૦૬ તા.૧૪–૧૨–૦૯ થી પણ પુરાવા રજૂ કરવા પુનઃ જણાવવામાં આવેલ જે મળ્યેથી ગુણદોષ આધારે અપીલનો નિકાલ કરવામાં આવશે તેવું જણાવવા છતાં અરજદાર તરફથી તે અંગે અપીલ તબકકે કોઈ વિગતો મળેલ નથી. આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે સાથે કલમ–૪(૧) (બી) હેઠળ જાહેર સત્તા મંડળ ધરાવતાં નિયંત્રણ હેઠળના કક્ષાવાર દફતરની વિગતો સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં પણ આવે છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા દફતર ઉપલબ્ધ નહીં હોવાનું કોઈ કારણ જણાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી ઉપલબ્ધ રેકર્ડ ઉપર જણાતી નથી જે બાબતે કાયદાના આમુખથી વ્યકત થયેલ જાહેર સત્તા મંડળમાં જવાબદારી અને પારદર્શીતા જાળવવાની ભાવનાને અનુલક્ષી સબંધિત મિલ્કતના આનુષાંગિક બાંધકામ, પરવાનગી, રજીસ્ટર વિગેરે પૈકી ઉપલબ્ધ દફતરની તપાસણી અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે. જે અંગે તપાસણીની ફી લાગુ કિસ્સામાં આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ અરજદારે ભરપાઈ કરવાની રહેશે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

**ડે.કમિશનર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી નટવરલાલ નાનાભાઈ માંડલેવાળા,